પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

Date : 04-11-2026 Day: Wednesday Morning : 7.40 to 7.45 am

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

PM – પુણે મેટ્રો પ્રોજેક્ટ

કરાવશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, પડકારજનક વૈશ્વિક પરિસ્થિતિઓ છતાં ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા તરીકે સ્થિર સ્થાન ધરાવે છે. સૌથી ઝડપી ગરીબી ઘટાડનાર તરીકે ભારતની સિદ્ધિની પ્રશંસા કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, પહેલા ગરીબી સામેની લડાઈ ફક્ત સૂત્રોમાં જ હતી, ગઇકાલે ભારત જમીન પર ગરીબીને હરાવી રહ્યું છે. શ્રી મોદી આજે પુણેમાં લગભગ 21,800 કરોડ રૂપિયાના વિવિધ પુણે મેટ્રો પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યા પછી બોલી રહ્યા હતા. દેશમાં મેટ્રો ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ પર પ્રકાશ પાડતા શ્રી મોદીએ કહ્યું કે, છેલ્લા દસથી બાર વર્ષમાં ભારતના મેટ્રો નેટવર્કમાં મોટો પરિવર્તન આવ્યો છે.

વલસાડ વિકાસ કાર્યો લોકાર્પણ – CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતને દેશનું વિકાસ એંજિન ગણાવતા સ્વચ્છતાને સ્વભાવ અને સંસ્કારમાં ઉતારવા સૌને અપીલ કરી. ગઇકાલે વલસાડ જિલ્લામાં 441 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કર્યા બાદ જાહેર સમારોહને સંબોધતા શ્રી પટેલે ગુણવત્તાયુક્ત વિકાસ થકી વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત બનાવવાનો નિર્ધાર વ્યક્ત કર્યો. તેમણે કહ્યું, વૈશ્વિક પરિસ્થિતિઓ

વચ્ચે પણ સૌથી ઝડપથી આગળ વધતો દેશ ભારત છે અને તેમાં ગુજરાત લીડ લઈ રહ્યું છે.

વનપાલ બીટગાર્ડ આંદોલન અંત

વનપાલ અને બીટગાર્ડ સંવર્ગના કર્મચારીઓના આંદોલનનો સુખદ અંત આવ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૂચનાથી વન વિભાગના અધિકારીઓ અને કર્મચારી એસોસિએશનના પ્રતિનિધિઓ વચ્ચે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં કર્મચારીઓની વિવિધ માંગણીઓ અંગે હકારાત્મક ચર્ચા બાદ ઉકેલ આવ્યો હતો.

ઔદ્યોગિક તાલિમ સંસ્થા સુપરવાઇઝર વેચન

રાજ્યની સરકારી અને અનુદાનિત ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટરોના માનદ વેતન વધારીને એક હજાર 80 રૂપિયા કરાયું. જ્યારે માસિક મહત્તમ મર્યાદા પણ 14 હજાર 40 રૂપિયાથી વધારીને 28 હજાર 80 રૂપિયા કરવામાં આવી છે. વેતનમાં બમણો વધારો કરાતાં વધુ શ્રેષ્ઠ ઇન્સ્ટ્રક્ટરો સેવાઓ આપશે તેમજ વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાની અને અવિરત તાલીમ મળશે તેમ, સત્તાવાર યાદીમાં જણાવાયું.

કચ્છ પ્રાથમિક શિક્ષણ કેળવણી નિરીક્ષક બઢતી

ભુજ ખાતે કચ્છના પ્રાથમિક શિક્ષણ વિભાગમાં HTAT મુખ્ય શિક્ષકની પરીક્ષામાં મેરીટના આધારે પસંદ થયેલા સાત ઉમેદવારોને જિલ્લા કેળવણી નિરીક્ષક તરીકે બઢતી આપવામાં આવી છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સંજય પરમારે જણાવ્યું હતું કે, અગાઉ કચ્છમાં 25 જગ્યાઓ પૈકી 8 જગ્યાઓ ભરાયેલી હતી. હવે સાત આચાર્યોને બઢતી મળતાં પ્રાથમિક શિક્ષણ તંત્રને વધુ મજબૂતી મળશે.

બઢતી મેળવનારા આચાર્યોને મુંદરા, અબડાસા, માંડવી, ભચાઉ, ભુજ અને અંજાર સહિતના વિસ્તારોમાં નિમણૂક આપવામાં આવી છે. આ નિમણૂકથી પ્રાથમિક શિક્ષણ વ્યવસ્થાનું નિરીક્ષણ અને મોનિટરિંગ વધુ અસરકારક બનશે.

ગાંધીધામ ફુડ વિભાગ ચેકિંગ

દિવાળીના તહેવારને અનુલક્ષીને ખાદ્યપદાર્થોની ગુણવત્તા જાળવી રાખવાના હેતુથી ગાંધીધામ મનપાના ફૂડ વિભાગ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. ગાંધીધામ અને આદિપુરના વિવિધ વિસ્તારોમાં આવેલી હોટેલ્સ, મીઠાઈની દુકાનો તેમજ શોપિંગ મોલમાંથી કુલ 7 જેટલા શંકાસ્પદ ખાદ્યપદાર્થોના નમૂનાઓ એકત્રિત કરવામાં આવ્યા છે. આ તમામ નમૂનાઓને લેબોરેટરી પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

પશ્ચિમ રેલવે ઓક્ટોબર લોડિંગ રેકોર્ડ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે ઓક્ટોબર દરમિયાન માલ લોડિંગ અને ઓપરેશનલ કુશળતામાં અનેક નવા રેકોર્ડ સ્થાપિત કર્યા છે. એપ્રિલથી ઓક્ટોબર

સુધીમાં 30 મિલિયન ટન માલસામાનના લદાનની આ ઐતિહાસિક સિદ્ધિમાં ખાસ કરીને ગાંધીધામ ક્ષેત્ર અને અદાણી પોર્ટે સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

ઓક્ટોબરમાં ગાંધીધામ ક્ષેત્રમાંથી સરેરાશ 2,354.55 વેગન પ્રતિદિવસ લોડ કરવામાં આવ્યા. આ આંકડો ઓક્ટોબર 2025 (2,301.13 વેગન) ની સરખામણીમાં 2.32% વધુ છે, જે અમદાવાદ મંડળના કુલ લોડિંગમાં સૌથી મોટો હિસ્સો ધરાવે છે.કચ્છના બંદરો અને ઔદ્યોગિક એકમો થકી મળેલા આ નવા વ્યવસાયિક અવસરો અને ગાંધીધામ ક્ષેત્રની ઓપરેશનલ ક્ષમતાએ અમદાવાદ મંડળને ઓક્ટોબરમાં રૂ. 655 કરોડની રેકોર્ડબ્રેક માલ આવક રળી આપવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી છે.

જિલ્લા આરોગ્ય વિભાગ પર્વ તકેદારી

આગામી તહેવારો અને દિવાળીની લાંબી રજાઓ દરમિયાન જિલ્લામાં આરોગ્ય વિષયક સેવાઓ સતત કાર્યરત રહે અને દર્દીઓને કોઈ મુશ્કેલી ન પડે તે માટે આરોગ્ય વિભાગ દ્વારા આગોતરું અને સુદ્રઢ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડો. પંડેરી દ્વારા તમામ સમુદાય આરોગ્ય કેન્દ્રો (CHC) અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHC) ના મેડિકલ ઓફિસર્સ અને આરોગ્ય સ્ટાફ સાથે એક મહત્વપૂર્ણ વીડિયો કોન્ફરન્સ યોજીને તહેવારો દરમિયાન આપાતકાલીન સ્થિતિને પહોંચી વળવા માટેની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી.
